અપીલ અરજી નં.૩૧૧ તા.૨૨/૨૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી "જેનીસ જલજીરા" નામના જલજીરાના પાઉચ ખુલ્લેઆમ મોટા ,પ્રમાણમાં વેચાઈ રહયા છે. જેના પાઉચ ઉપર બેચ નંબર કે મેન્યુ. તારીખ લખવામાં આવતી નથી જે અંગેની કાયદેસરતા, પી.એફએ લાયસન્સ કે આમ મેન્યુ. તારીખ વગર વેચાણ કરવા માટેની પરવાનગી આપેલ હોય તો તેની સુપૂર્ણ માહિતી અને આપના ધ્વારા આવા વેચાણ થતી જલજીરાનાં સમયસર નમૂના લેવામાં આવે છે કે કેમ? તારીખ વગર સરનામાં વગર તથા બેચ નંબર વગર ચાલતી સંસ્થા કાયદેસર પગલાં કેમ લેવાયેલ નથી? તથા આપના તંત્રનાં કયા અધિકારીની જવાબદારીમાં આ વિસ્તાર આવે છે તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨/૨૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૧/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી "જેનીસ જલજીરા" નામના જલજીરાના પાઉચ ખુલ્લેઆમ મોટા ,પ્રમાણમાં વેચાઈ રહયા છે. જેના પાઉચ ઉપર બેચ નંબર કે મેન્યુ. તારીખ લખવામાં આવતી નથી જે અંગેની કાયદેસરતા, પી.એફએ લાયસન્સ કે આમ મેન્યુ. તારીખ વગર વેચાણ કરવા માટેની પરવાનગી આપેલ હોય તો તેની સુપૂર્ણ માહિતી અને આપના ધ્વારા આવા વેચાણ થતી જલજીરાનાં સમયસર નમૂના લેવામાં આવે છે કે કેમ? તારીખ વગર સરનામાં વગર તથા બેચ નંબર વગર ચાલતી સંસ્થા કાયદેસર પગલાં કેમ લેવાયેલ નથી? તથા આપના તંત્રનાં કયા અધિકારીની જવાબદારીમાં આ વિસ્તાર આવે છે તેની વિગત આપવા બાબત અરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ / ૬૩૮ તા.૧૪–૧૨–૦૯ થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨/૨૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૧ તા.૪–૧–૧૦ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભે માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીને કરેલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૬૩૮ તા.૧૪–૧૨–૦૯ થી અરજદારને "ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આવી કોઈ ફરીયાદ મળેલ ન હોય નમુના લીધેલ નથી. વધુમાં આપની આ ફરીયાદના અનુસંધાનમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે "તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જેનીસ જલજીરાની કાયદેસરતા નથી તથા આ સંસ્થાના સેમ્પલો તથા કયા અધિકારીનો વિસ્તાર છે તેના નામ નથી મળ્યા તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર સંસ્થાની ફરીયાદ મળેલ ન હોય નમુના લીધેલ નથી તેવી માહિતી આપેલ છે. પરંતુ કયા અધિકારીના વિસ્તારમાં આવે છે તેની માહિતી આપવામાં આવેલ નથી. સદર માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં આવતી હોય છતાં માહિતી પૂરી પડાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી " આપના તંત્રના કયા અધિકારીની જવાબદારીમાં આ વિસ્તાર આવે છે." તેવી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,